# મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનાઢ્ય

**ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની સંપત્તિ જેકમા કરતા વધુ થઇ : જેકમાની સંપત્તિ ૪૪ અબજ ડોલર રહી છે જ્યારે મુકેશ અંબાણીની સંપત્તિ વધીને ૪૪.૩ અબજ સુધી પહોંચી ગઈ છે : કારોબારમાં હજુ વધારો કરાશે**



મુંબઈ,તા. ૧૩

મુકેશ અંબાણી એશિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે. મુકેશ અંબાણીની સંપત્તિમાં રેકોર્ડ ગતિ વધારો થઈ રહ્યો છે. અલીબાબા ગ્રુપના સ્થાપક જેકમાને પાછળ છોડીને મુકેશ અંબાણી તેમનાથી આગળ નિકળી ગયા છે. રિલાયન્સ ભારતના બજારમાં ઈ-કોમર્સને વધારવાની દિશામાં આગળ વધી રહ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં ઈ-કોમર્સના ક્ષેત્રમાં પણ પ્રભુત્વ જમાવવા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડની આક્રમક તૈયારી રહેલી છે. રિફાઈનિંગથી લઈને ટેલિકોમ સુધીના ક્ષેત્રમાં પ્રભાવ ધરાવનાર અને કંપનીના ચેરમેન અંબાણીની સંપત્તિ આજે ૪૪.૩ અબજ ડોલર સુધી પહોંચી ગઈ હતી. રિલાયન્સ

ઈન્ડસ્ટ્રી લિમિટેડની સંપત્તિ ૧.૯ ટકા વધીને રેકોર્ડ ૪૪.૩ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે જ્યારે જેકમાની સંપત્તિ હાલમાં ૪૪ અબજ ડોલર છે. આ વર્ષે રિલાયન્સની સંપત્તિમાં ચાર અબજ ડોલર ઉમેરાઈ ગયા છે. રિલાયન્સે પેટ્રોકેમિકલ્સની ક્ષમતાને વધારી દીધી છે. જીઓ શરૂ કરવાની સાથે જ રોકાણકારોનું આકર્ષણ આ દિશામાં વધી ગયું છે. રિલાયન્સે પોતાના ૨૧ કરોડ દૂરસંચાર ગ્રાહકોને એમેઝોન અને વોલમાર્ટ મારફતે ઈ-કોમર્સની સુવિધા આપવાની યોજના તૈયાર કરી લીધી છે.

૨૦૧૮માં અલીબાબાના જેકમાને ૧.૪ અબજ ડોલરનું નુકસાન થયું હતું. અંબાણીના મોટા પ્રોજેક્ટ ચલાવવા માટે ઓળખવામાં આવે છે. જામનગરના રિફાઈનિંગ કોમ્પ્લેક્ષની બાબત તમામમાં જાણિતી રહી છે. ભારતના સૌથી મોટા મોબાઈલ ડેટા નેટવર્ક માટેની ક્રેડિટ પણ મુકેશ અંબાણીને જાય છે. અંબાણીએ એક મિટિંગમાં કહ્યું હતું કે, ૨૦૨૫ સુધી રિલાયન્સનું નેટવર્ક બે ગણુ થઈ જશે.

## અનંતનાગમાં આતંકી હુમલામાં બે જવાન શહિદ



અનંતનાગ,તા.૧૩

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં સીઆરપીએફની એક ટુકડી પર આતંકવાદીઓએ આજે ફાયરિંગ કર્યું હતું. શુક્રવારે સવારે થયેલા આ હુમલામાં બે સીઆરપીએફના જવાન શહિદ થયા છે. ફાયરિંગમાં ઘાયલ થયેલા જવાનોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામા આવી રહ્યા હતા તે દરમિયાન જવાનોનું મૃત્યુ થયું હતું. તો બીજી તરફ આતંકીઓ હુમલો કરી ફરાર થઈ ગયા છે અને તેમની શોધ માટે હાલ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

અનંતનાગના શીરપોરા જિલ્લામાં શુક્રવાકે સવારે સીઆરપીએફની એક ટુકડી પર અચાનક જ આતંકીઓ ફાયરિંગ કરી ભાગવામાં સફળ રહ્યા હતા. અત્યારે આ જિલ્લામાં આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. આ પહેલા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી સુરક્ષા એજન્સીઓનું નામ ખરાબ કરવા માટે અને આતંકીઓ માટે સહાનુભૂતિ દર્શાવનાર લોકો પર પોલીસ દ્વારા જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં ૨૧ વોટ્સએપ ગૃપના સંચાલકોને નોટિસ મોકલવામાં આવી છે. પોલીસે ગત ત્રણ મહિનામાં અનેક વોટ્સએપ ગૃપની તપાસ કર્યા બાદ હવે આ તમામ સંચાલકો વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

કાશ્મીરમાં આ વર્ષે ૮૨ યુવકોએ આતંકવાદનો રસ્તો પસંદ કર્યો છે.આ વર્ષે એપ્રિલ મહિનામાં જ ૨૫ યુવકો આતંકવાદી બનવા તરફ વળ્યા છે.તો બીજી તરફ મોટી સંખ્યામાં આતંકવાદીઓએ આત્મસમર્પણ પણ કર્યુ છે.સુરક્ષાદળોએ આ વર્ષે ૧૦૧ આતંકવાદીઓને અત્યાર સુધીમાં મોતને ઘાટ ઉતાર્યા છે.

## દિલ્હી-એનસીઆરમાં બપોરે મૂશળધાર વરસાદ

**સચિવાલય સહિત ઘણા વિસ્તારમાં પાણી ભરાયા : લઘુત્તમ-મહત્તમ તાપમાનમાં ઘટાડો થતાં ગરમીથી રાહત**



નવીદિલ્હી, તા. ૧૩

દિલ્હી-એનસીઆરમાં આજે બપોરે ભારે વરસાદના કારણે ગરમી અને બાફથી લોકોને રાહત મળી હતી. કેટલીક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ પણ સર્જાઈ હતી. ટ્રાફિકમાં પરેશાનીનો સામનો પણ લોકોને કરવો પડ્યો હતો. પાટનગર દિલ્હી સહિત સમગ્ર એનસીઆરમાં લોકો વરસાદનો ઈન્તજાર કરી રહ્યા હતા. છેલ્લા બે દિવસથી મોનસુની વાદળો ઘેરાયેલા હતા પરંતુ વરસાદ થઈ રહ્યો ન હતો. દિલ્હીમાં મોનસુન સામાન્યથી એક દિવસ પહેલા એટલે કે ૨૭મી જૂનના દિવસે એન્ટ્રી કરી ગયા બાદ પણ હજુ સુધી ભારે વરસાદ થઈ રહ્યો નથી. છેલ્લા કેટલાક દિવસથી મોનસુનની સ્થિતિ નબળી પડી રહી હતી. હવે વરસાદના કારણે લોકો રાહત અનુભવી રહ્યા છે. દિલ્હીમાં આજે સવારે વાદળ છાયેલા રહ્યા હતા. તાપમાન ૨૭.૮ ડિગ્રી રહ્યું હતું. દિલ્હી સચિવાલય અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને મુશ્કેલીનો સામનો પણ કરવો પડ્યો હતો. એકબાજુ દિલ્હીમાં હળવો વરસાદ થઈ રહ્યો છે ત્યારે દેશના અન્ય કેટલાક ભાગોમાં હજુ પણ અપેક્ષા મુજબનો વરસાદ થયો નથી.

## ભાજપ પીડીપીને તોડવાનો પ્રયાસ કરશે તો અનેક આતંકીઓ પેદા થશે : મુફ્તિ

**ભાજપ સરકારમાંથી ખસી જતાં પીડીપી સુપ્રિમોની ધમકી**

શ્રીનગર,તા.૧૩

જમ્મુ-કાશ્મીરમાં ભાજપના સહયોગ સાથે ચાલી રહેલ સરકાર તૂટ્યા બાદ હવે મહેબૂબા મુફતીની સામે પોતાની પાર્ટી પીડીપીને બચાવાનું સંકટ છે. પીડીપીમાંથી બળવાનના ગંભીર સંકેતો મળી રહ્યાં છે અને મહેબૂબાએ બળવો પોકારતા નેતાઓ પર કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે.

જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમએ ભાજપ અને કેન્દ્ર સરકારને પણ ચેતવણી આપતા કહ્યું છે કે જો પીડીપીને તોડવાની કોશિષ થઈ તો તેના ખતરનાક પરિણામ ભોગાવવા પડશે. એમ કહેતા મહેબૂબાએ ૧૯૯૦ના દાયકાના કાશ્મીર અને સલાઉદ્દીન જેવા આતંકીઓનો પણ ઉલ્લેખ કર્યો.

મહેબૂબાએ ભાજપ અને કેન્દ્ર સરકારને ૧૯૮૭ના ઘટનાક્રમની યાદ અપાવતા ચેતવણી આપી છે. મહેબૂબાએ કહ્યું કે જો દિલ્હી ૧૯૮૭ની જેમ લોકોના વોટિંગ રાઈટ્સને રદ્દ કરવાની કે કાશ્મીરના લોકોના ભાગલા પાડવાની કોશિષ કરશે તો ખતરનાક



સ્થિતિ ઉભી થશે.

મહેબૂબાએ કહ્યું કે ત્યારે જે રીતે એક સલાઉદ્દીન અને યાસીન મલિક ઉભા થયા હતા, આ વખતે તો સ્થિતિ એનાથી પણ ખરાબ હશે.

આની પહેલાં મહેબૂબા મુફતીએ ગુરૂવારના રોજ બળવાખોર નેતાઓ પર એક્શન લેવાનું શરૂ કરી દીધું. પીડીપીએ વિધાન પરિષદ સભ્ય યાસિક રેશીને બાંદીપુરા જિલ્લા અધ્યક્ષ પદ પરથી સસ્પેન્ડ કરી દીધા. યાસિર રેશી એ પીડીપી નેતાઓમાંથી એક છે જેણે જાહેરમાં મહેબૂબા મુફતીની આલોચના કરી હતી. પીડીપીમાં બળવાખોરના સૂર ખૂબ વધી ગયા છે, જેને લઈ સ્વાભાવિક પણે મહેબૂબા પરેશાન દેખાઈ રહ્યાં છે.

## સૌરાષ્ટ્ર-દક્ષિણમાં અવિરત ભારે વરસાદ

**ગીરનાર પર્વત પર ૨૪ કલાકમાં ૧૭ ઇંચથી વધુ વરસાદ પડ્યો : કોડીનારમાં આઠ ઇંચથી વધારે વરસાદ : ગણદેવી, ચિખલી, વડિયામાં સાત ઇંચથી વધુ વરસાદ**

અમદાવાદ,તા. ૧૩

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેર યથાવતરીતે જારી રહી છે. રાજ્યના અનેક ભાગોમાં આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જેથી જનજીવન ઉપર અસર થઈ છે. રાજ્યમાં વરસાદ સંબંધિત બનાવોમાં મોતનો આંકડો વધીને ૨૨ ઉપર પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ગીરનાર પર્વત ઉપર ૧૭ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. આ ઉપરાંત મોટાભાગના વિસ્તારોમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૨ તાલુકાઓમાં વરસાદ થયો છે. વરસાદના આંકડાની વાત કરવામાં આવે તો ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ૮ ઈંચથી વધુ વરસાદ થયો છે. ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં સાત ઈંચથી વધુ વરસાદ થઈ ગયો છે. આવી જ રીતે નવસારી જિલ્લાના ગણદેવીમાં, ચિખલી, અમરેલીના વડિયામાં સાત ઈંચથી પણ વધુ વરસાદ થયો છે. માળિયામાં સાત ઈંચ, સુત્રપાડામાં છ ઈંચ વરસાદ નોંધાયો છે.

# આજે અમદાવાદમાં રથયાત્રાના દર્શને માનવ મહેરામણ ઉમટશે







**રથયાત્રાની પૂર્વસંધ્યાએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી જગન્નાથ મંદિરે પહોંચી ભગવાનની આરતી ઉતારી મહંત દિલીપદાસજી સાથે વિચાર-વિમર્શ કર્યો : ૧૯ ગજરાજ, ૧૦૧ ટ્રક, ૩૦ અખાડા અને ૧૮ ભજનમંડળી મુખ્ય આકર્ષણ**

અમદાવાદ, તા.૧૩

લાખો શ્રદ્ધાળુઓ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ભગવાન જગન્નાથજીની ૧૪૧મી રયયાત્રા આવતીકાલે શનિવારના દિવસે ભારે હર્ષોલ્લાસ અને ભકિતભાવ વચ્ચે નીકળશે. આ વખતે રથયાત્રામાં સૌપ્રથમવાર ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભારતીય અખાડા પરિષદના મોટા સંતો-મહંતો અને કુંભમેળાના સાધુ-સંતો હાજરી આપનાર છે. જે બહુ નોંધનીય વાત છે. આ વર્ષે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામ માટે બનારસ, વૃંદાવન સહિતના પવિત્ર સ્થળોએથી સુંદર અંલકારિક વસ્ત્રો, પાઘડી અને તેને અનુરૂપ વાઘા-વસ્ત્રો અને સાજ શણગાર તૈયાર કરાયા છે. આવતીકાલે રથયાત્રાના દિવસે સવારે ચાર વાગ્યે મંગળાઆરતી યોજાનાર છે. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હાજર રહેશે, જયારે સાત વાગ્યે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે પહિંદવિધિ બાદ તેઓ રથ ખેંચી રથયાત્રાનું પ્રસ્થાન કરાવશે. રથયાત્રાનો આ એક જ દિવસ એવો હોય છે જેમાં ખુદ જગતનો નાથ નગરચર્યાએ નીકળી તેના ભકતોને ઘેરબેઠા દર્શન આપે છે. ભારતીય લોક સંસ્કૃતિનું રથયાત્રા સર્વોચ્ચ પ્રતીક છે. રથયાત્રાના અગ્રભાગમાં ૧૯ શણગારેલા ગજરાજો, ત્યારપછી ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજનમંડળીઓ સાથે ત્રણ બેન્ડબાજાવાળા આકર્ષણનું કેન્દ્ર બનશે. સાધુ-સંતો, શ્રધ્ધાળુ ભકતો સાથે ૧૨૦૦થી ૧૫૦૦ જેટલા ખલાસી ભાઈઓ રથ ખેંચતા રહેશે.

રથયાત્રાના દિવસે તા.૧૪મી જૂલાઈએ વહેલી સવારે ૪-૦૦ વાગ્યે ભગવાનની મંગળાઆરતી કરાશે, ત્યારબાદ આદિવાસી નૃત્ય અને રાસગરબાનો પરંપરાગત કાર્યક્રમ યોજાશે. એ પછી ભગવાનના આંખે બાંધેલા પાટા ખોલવાની શાસ્ત્રોક્ત વિધિ બાદ ૫-૪૫ કલાકે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામને ત્રણેય રથોમાં સવાર કરાશે.

ભાડે આપવાના છે.
ટેનામેન્ટ પહેલો માળ, ફેમિલી માટે, સે.૪.
ફ્લેટ 2/3BHK શ્યામ શુકન, PDPU રોડ, ફેમિલી માટે
ભાડે જોઈએ છે.
બેચલર્સ/ફેમિલી (TCS/Bank)માટે
ફ્લેટ/ટેનામેન્ટ (ગ્રા.ફ્લોર/ફસ્ટ ફ્લોર) ૯૦મી - ૩૩૦મી માં સે.૧ થીટ ગાંધીનગર તથા ન્યુ ગાંધીનગર
THE SPACE 93288 01440, 93287 01440

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ